## ઈડર-હિંમતનગર હાઈવે ઉપર વરસાદના વિરામ બાદ સમારકામની તંત્ર દ્વારા સરાહનીય કામગીરી



નેત્રામલીઃ સાબરકાંઠા જિલ્લામાં ચાલુ સાલે વરસાદની રમઝટ જામતા હાઈવેના રસ્તાઓ ઉપર વરસાદી પાણી ભરાઈ જતાં ખાડાઓ પડી જવા પામ્યા હતા. જેમાં ઈડર - હિંમતનગર હાઈવે ઉપર વરસાદે વિરામ લેતાં માર્ગ અને મકાન વિભાગ ઈડર સ્ટેટ દ્વારા રસ્તાઓ ઉપર ખાડાઓ પૂરવા તંત્ર દ્વારા તજવીજ હાથ ધરવામાં આવી છે. માર્ગ અને મકાન વિભાગના (ઈડર) અધિકારી એન. સી. પટેલ તેમજ એસ.ઓ ગઢવીભાઈ, ભગોરાભાઈ દ્વારા સ્થળ પર હાજર રહી રસ્તાઓ ઉપર ચોક્કસ કામગીરી પૂર્ણ કરવાના ઝડપી પ્રયાસ હાથ ધરવામાં આવી રહયા છે. આગામી દિવસોમાં ભાદરવી પૂનમના સંઘ અંબાજી ચાલતાં જતા હોય હાઈવે ઉપર વાહન વ્યવહાર વ્યવસ્થા જળવાઈ રહે તે માટે રોડની કામગીરી તંત્રના અધિકારીઓની હાજરીમાં ખાડાઓ પૂરવાની અને પેચ મારવાની કામગીરી પૂર્ણ કરવા તજવીજ હાથ ધરી છે.

## ભિલોડા માર્કેટિંગ યાર્ડના પાછળના ભાગે ગોડાઉન પાસેથી ૮ ફુટ લાંબો અજગર ઝડપાયો



અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં સાર્વત્રિક મેધ - મહેર દરમિયાન ઠેર - ઠેર લીલોતરી જોવા મળે છે.ભાદરવા માસની શરૂઆત સાથે જ અસહ્ય બાફ ઉકળાટભર્યા માહોલ વચ્ચે ગરમીનો પ્રકોપ વધતા જનજીવન અસ્તવ્યસ્ત થઈ રહ્યું છે.અજગરો નિકળવાનો સીલસીલો યથાવત રહેતા ખેડૂતો,શ્રમજીવી સહિત વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો છે.ભિલોડા માર્કેટિંગ યાર્ડના પાછળના ભાગે અજગર જોવા મળતા વેપારીઓમાં ભારે ફફડાટ ફેલાયો હતો. શ્રી શિવ સેલ્સ એજન્સી,ભિલોડાના સુરેશભાઈ તોલારામ મેઘાણીએ વન વિભાગના અધિકારીઓને જાણ કરતા વન વિભાગના અધિકારીઓએ તાબડતોડ પહોંચી ગણતરીની મિનિટો અજગર ને ઝડપી લઈ નિર્જન જંગલ વિસ્તારમાં સલામત રીતે મુક્ત કર્યો હતો.

## પ્રાંતિજ ખાતે શ્રી ધર્મનાથ જીનાલયમા આંગી દર્શન માટે જૈન સમાજના ભાઈબહેનો ઉપસ્થિત રહ્યા



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે શ્રી ધર્મનાથ જિનાલય માં પર્યુષણ પર્વ અંતર્ગત ભગવાન ધર્મનાથ ની આંગી દર્શન માટે જૈન સમાજના ધર્મપ્રેમી ભાઈબહેનો ઉપસ્થિત રહીને લાભ લીધો. પર્વાધિરાજ પર્યુષણના અંતિમ દિવસે પ્રાંતિજ ખાતે રહેતા શ્વેતામ્બર મૂર્તિ પૂજક સંઘના ધર્મપ્રિય ભાઈબહેનોએ ભગવાન ધર્મનાથની શોળે શણગારથી આંગી સજાવી હતી જૈન સમાજના યુવકો તેમજ મહિલાઓએ જિનાલય માં દિવડા પ્રગટાવીને ભગવાન ધર્મનાથ ની આંગી શણગારી હતી આ મનનોહક આંગી ના દર્શન કરીને સમસ્ત સંઘના ભાઈ બહેનો ધન્ય બન્યા હતા પવિત્ર પર્યુષણ પર્વ ની ઉજવણી પ્રાંતિજ નગરમા દર વર્ષે ધામધૂમ થી ઉજવવામા આવે છે સંવત્સરી ના દિવસે વર્ષ દરમ્યાન જાણે અજાણે થયેલ ભૂલચૂક ની ક્ષમા માગીને થયેલ ભૂલોનું પ્રાયશ્ચીત કરવામા આવે છે ક્ષમા વીરસ્ય ભૂષણમની પરંપરા ને જીવન મા ઉતારીને જૈન સમાજના લોકો સાચા અર્થ માં પર્યુષણ પર્વ ની ઉજવણી કરે છે પર્યુષણ પર્વ અંતર્ગત દરરોજ સવાર થી સાંજ સુધી લોકો ભક્તિમાં ઓતપ્રોત થઈ જાય છે નિયત સમયે ઉપાશ્રય માં જઈ ને પ્રતિક્મણ અને પ્રવચનોનો લાભ લઈ ને આ સમાજ ના લોકો ધન્યતા અનુભવે છે સંવત્સરીના પવિત્ર દિવસે વર્ષ ભરના સારા નરસા કાર્યો નુ સરવૈયુ કાઢીને ખોટા કાર્યો માંથી મુક્તિ મળે તેવા નિષ્ઠાપૂર્વક પ્રયત્નો કરવાનો સંકલ્પ લેવામા આવે છે.

## પ્રાંતિજ ખાતે સ્વપચ ઋષિ બાપાનો ૬૬મો વરઘોડો નિકળ્યો



પ્રાંતિજ ખાતે દરવર્ષ ની જેમ આવશે પણ સ્વપચ ઋષિ સમાજ દ્રારા રૂષિપંચમીનો મહોત્સવ ઉજવવામાં આવ્યો હતો જેમાં ભાદરવાસુદ-૫ ને ગુરૂવારનારોજ ઋષિ મંદિરથી બપોર પછી ઋષિ બાપાનો પાલખી સ્વરૂપે વરધોડો કાઢવામાં આવ્યો હતો જેમાં ભકતોના ધરે ધરે બાપાની પધરામણી કરાવવામાં આવી હતી અને ભકતો દ્વારા આરતી ઉતારી ધન્યતા અનુભવી હતી તો વરધોડો ભટ્ટી વાસ ખાતે પહોચતા ભટ્ટી વાસ ખાતે રહેતા મુસ્લિમ સમાજના લોકો દ્રારા ઋષિબાપાના વરધોડાનુ સ્વાગત કર્યુ હતુ અને ઠંડા પાણીની વ્યવસ્થા કરવામા આવી હતી ત્યારે હિન્દુ-મુસ્લિમ એકતા જોવા મળી હતી તો રાષ્ટ્રીય હિન્દુ પરિષદ તથા હિન્દુ પરિષદ ના કાર્યકરો મહંત સુનિલદાસજી મહારાજ સહિત ઉપસ્થિત રહ્યાં હતાં તો આ પ્રસંગે આયોજકો દ્રારા સંતો મહંતો સહિત સમાજ ના દાતાઓનુ સન્માન પણ કરવામા આવ્યુ હતુ પ્રાંતિજ તથા આજુબાજુમાં રહેતા રૂષિ સમાજ ના હજારો લોકો મોટી સંખ્યામાં વરધોડામાં ઉપસ્થિત રહ્યાં હતાં જયારે સમાજના પ્રમુખ આર..કે.ચૌહાણ, કનૈયાલાલ.એમ.પરમાર, નટુભાઈ બારોટ , જીતેન્દ્ર કુમાર સી.ચૌહાણ , મુકુન્દરાય. કે. ચૌહાણ, જગદીશભાઈ આર.ચૌહાણ સહિત સમસ્ત ઋષિ સમાજ પ્રાંતિજ દ્વારા દરવર્ષ ની જેમ સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ.

# અરવલ્લી પ્રભારી જયશ્રીબેન દેસાઈની બેધારી નીતિ સામે ભાજપના કાર્યકરોમાં વ્યાપક અસંતોષ : પ્રભારી બદલવા ઉગ્ર માંગ

### શ્રી કમલમ્ અરવલ્લી-મોડાસામાં અગાઉ પણ માલપુરના કાર્યકરને બારણાં બંધ કરી ધમકાવ્યાની બહાર આવેલી વિગત

ગાંધીનગર, તા.૦૧

અરવલ્લી જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. ચૌધરી(આંજણા) દ્વારા માલપુરના ભાજપ યુવા મોરચાના કાર્યકરને બિભત્સ ગાળ બોલી ધમકી આપ્યાની ઓડીયો ક્લિપ વાયરલ થયા પછી વધુ સનસની ખેજ વિગતો સામે આવી છે. અઢી મહિના અગાઉ મોડાસા ખાતે નિર્માણ પામેલા અદ્યતન શ્રી કમલમ્ અરવલ્લી ભાજપ કાર્યાલયમાં સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈની ઉપસ્થિતિમાં યુવા મોરચાના કાર્યકર બિપીન કાંહ્યાભાઈ પટેલને પ્રમુખની ચેમ્બરમાં બારણાં બંધ કરી, મોબાઈલ છીનવી લઈ ધમકી આપ્યાની વિગતો બહાર આવી છે ત્યારે જિલ્લા સંગઠન પ્રભારી એક પછી એક ભાજપના કાર્યકરો નારાજ થાય તેવી ઘટનાઓ બનતી હોવા છતાં કેમ આંખો બંધ કરી દીધી છે. જિલ્લા ભાજપ સંગઠન પ્રમુખ સાથે અરવલ્લી ભાજપ પ્રભારી જયશ્રીબેન દેસાઈ સામે પણ વધેલો અસંતોષ પ્રદેશ કાર્યાલય તેમજ પ્રધાનમંત્રી કાર્યાલય સુધી પહોંચ્યો છે. જિલ્લા પ્રભારીની બેધારી નીતિ સામે તમામ ૮ મંડલમાં રોષ જોવા મળ્યો છે અને પ્રભારી નહીં બદલાય તો આગામી વિધાનસભા ચૂંટણીમાં પક્ષને મોટું નુકસાન થવાની દહેશત સેવાય છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર અરવલ્લી જિલ્લા ભાજપમાં એક પછી એક પાયાના કાર્યકરો જિલ્લા સંગઠન પ્રમુખ, સંગઠન પ્રભારી અને તેમના મળતિયાઓની વ્હાલા દવાલાની નીતિના કારણે નારાજ થઈ રહ્યા છે. જ્યારે દરેક તાલુકા અને શહેર સંગઠનને પણ બાજુમાં રાખીને જિલ્લા સંગઠન દ્વારા એક પછી એક નિયુક્તિમાં પોતાના મળતિયાઓને ગોઠવ્યાના ગંભીર આરોપ પ્રદેશ પ્રમુખ અને મહામંત્રી સુધી પહોંચ્યા છે. પાછલા ૨ દિવસથી જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે.ચૌધરી(આંજણા) દ્વારા માલપુર ભાજપના કાર્યકર્તા બિપીન કાંહ્યાભાઈ પટેલને ધમકી અને બિભત્સ ગાળો બોલ્યાની ઓડીયો ક્લિપ વાયરલ થયા પછી ભાજપ પક્ષની આબરૂને ગ્રહણ લાગે તેવી સ્થિતિ આવી પડી છે. તાબડતોબ જિલ્લા સંગઠન પ્રમુખને હોદ્દા ઉપરથી રૂકસદ આપવામાં નહીં આવે તો વિધાનસભાની ત્રણેય બેઠકો ઉપર ગંભીર નુકસાન થવાની દહેશત સેવાય છે. જ્યારે રાજેન્દ્ર ચૌધરીએ જે કાર્યકરને ધમકી આપી હતી તેને વધુ એક નવો ખુલાસો કર્યો છે કે જિલ્લા ભાજપ સંગઠન માલપુર તાલુકામાં કોંગ્રેસના કાર્યકરોને છાવરી રહ્યું છે અને માલપુર અને ઉભરાણ જિલ્લા પંચાયત સીટમાં જ હોદ્દાની લ્હાણી કરે છે. જ્યારે હેલોદર સીટમાં કાર્યકરોને ન્યાય મળતો નથી. જ્યારે અગાઉ રંગા-બિલ્લાના મેસેજ વાયરલ થયા ત્યારે મને શ્રી કમલમ્ અરવલ્લીમાં પ્રમુખની ચેમ્બરમાં બંધ કરીને મારો મોબાઈલ અંકિત નામના ભાજપના કાર્યકરે લઈ લીધો હતો અને પછી ગર્ભિત ધમકી ઉચ્ચારી હતી જે સમયે સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈ સહિત સંગઠનના કેટલાક આગેવાનો હાજર હોવા છતાં રાજેન્દ્ર ચૌધરીને રોકવાનો કોઈ પ્રયાસ કર્યો ન હતો. છેલ્લા ૧૨ મહિનાથી જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓમાં અસંતોષની જવાળાઓ ભડકી રહી છે છતાં સંગઠન પ્રભારી જયશ્રીબેન દેસાઈ જિલ્લામાં કશું થયું જ ન હોય તે રીતે તમામ ફરિયાદો દબાવી દઈને પ્રદેશ સુધી જાણકારી આપી નથી પરંતુ ગત રોજ જિલ્લા સંગઠન પ્રમુખની બિભત્સ ગાળો અને ધમકી આપતી ઓડીયો ક્લિપ વાયરલ થયા પછી પ્રદેશ સુધી ઉગ્ર પડઘા પડ્યા છે અને તેમનો ખુલાસો માંગવામાં આવે તેવી પણ જાણકારી મળી છે. સાચા કાર્યકરોને અન્યાય કરનારાઓને આખરે ભોગવવું પડતું હોય છે તે છેલ્લા બે દિવસથી નિષ્ઠાવાન કાર્યકરો અનુભવી રહ્યા છે.

### ભાજપને વિધાનસભા ચૂંટણીમાં નુક્સાન થશે - કાર્યકરનો આક્રોશ



માલપુરના ભાજપના કાર્યકર અને બિપીન કાંહ્યાભાઈ પટેલે જણાવ્યું કે જિલ્લા સંગઠન પ્રમુખ રાજેન્દ્ર જે. ચૌધરી મનસ્વી વર્તાવ કરી રહ્યા છે. મારી સાથે ખરાબ વર્તાવ કરી મને ધમકી આપતાં આત્મરક્ષણ માટે પોલીસ સમક્ષ માંગ કરવાનો છું તેમજ જિલ્લા સંગઠન પ્રમુખ અને જિલ્લા પ્રભારી કાર્યકરોની સાચી વાત સાંભળતા નથી અને સાચા કાર્યકરોને કોઈપણ ભોગે દબાવી દેવાના પ્રયાસ થઈ રહ્યા છે. પ્રદેશ કક્ષાએથી યોગ્ય કાર્યવાહી નહીં થાય તો આગામી વિધાનસભા ચૂંટણીમાં ભાજપને નુક્સાન થશે તેવો આક્રોશ પણ વ્યક્ત કર્યો છે.

### જિલ્લા પ્રભારી સામે રજૂઆતો દબાવવાના ગંભીર આરોપ

જિલ્લા પ્રભારી જયશ્રીબેન દેસાઈ સામે કાર્યકરો તેમજ પદાધિકારીઓની રજૂઆતો દબાવવાના અતિગંભીર આરોપ લાગ્યા છે અને સાચી ફરિયાદો પ્રદેશ સુધી પહોંચવા દેતા ન હોવાની પણ ફરિયાદ સામે આવી છે. બાયડ નગરપાલિકા ઉપપ્રમુખ ગાયત્રીબેન પી. પટેલનું પ્રમુખ દ્વારા અપમાન તેમજ તેમને બેસવા માટે ખુરશી પણ આપતા ન હોવાની ગંભીર ફરિયાદ મોડાસાના સર્કીટ હાઉસમાં તા.૪ મે.-૨૦૨૧ ના રોજ કારોબારી અધ્યક્ષ પ્રવિણ એમ. પટેલ, પક્ષના નેતા અરવિંદભાઈ પ્રજાપતિ વગેરેએ રજૂઆત કરી હોવા છતાં મામલો રફે દફે કરી દેવાયો. ત્યારબાદ તા.૫ મે.-૨૦૨૧ના રોજ બાયડના વારેણા આશ્રમમાં પણ બાયડ પાલિકામાં પ્રમુખના મનસ્વી વહીવટ અંગે રજૂઆતો કરી હતી તે પણ દબાવી દેવામાં આવી છે. તા.૪-૧૨-૨૦૨૧ના રોજ યોજાયેલી બેઠકમાં પણ જિલ્લા પ્રભારીને બાયડ પાલિકામાં કથળતા જતા વહીવટ અને પ્રજામાં નારાજગી અંગેની રજૂઆતો કરવામાં આવી છતાં પણ તેને નજર અંદાજ કરવામાં આવી ત્યારબાદ જુલાઈ અને ઑગષ્ટ-૨૦૨૨માં પણ લેખિતમાં રજૂઆત કરવા છતાં પણ તમામ ફરિયાદો દબાવી દીધી હોય તેમ કોઈ ઉકેલ આવ્યો નથી. એક તબક્કે તો સુરતની ભાજપ કારોબારી મીટીંગ પત્યા પછી રૂબરૂ મુલાકાત લેશું અને તે પણ એકમાત્ર વાયદો બની ગયો. તે જ રીતે મોડાસા નગરપાલિકા, અરવલ્લી જિલ્લા પંચાયત તેમજ જિલ્લાની અન્ય ૨ તાલુકા પંચાયતોના પદાધિકારીઓની ફરિયાદોનું પણ ઉબાળીયું કરવામાં આવ્યાના આરોપ લાગ્યા છે.

## બનાસકાંઠા જિલ્લામાં ‘ખેડૂતોના ભોગે વિકાસ નહિ’નો નારો ગુંજી ઉઠ્યો

### ભારતમાલા પ્રોજેક્ટ સામે ખેડૂતોએ ચડાવી બાંયો

પાલનપુર તા.૧

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ભારત માલા પ્રોજેકટ સામે ખેડૂતોએ બાંયો ચડાવી છે. પોતાની ખેતીની જમીનોના સંપાદન સામે ઉગ્ર વિરોધ જતાવતા આજે પાલનપુર ખાતે અસરગ્રસ્ત ખેડૂતોએ રેલી યોજી કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું.



ભારત માલા પ્રોજેકટ અંતર્ગત અમદાવાદ થી થરાદ એક્સપ્રેસ વે બનવા જઈ રહ્યો છે. જે પ્રોજેકટમાં ખેડૂતોની મહામૂલી જમીનો સંપાદન થઈ રહી છે. જોકે, ખેડૂતોની જમીન સંપાદન થવાથી ખેડૂતો ખેતી વિહોણા બની જશે. ખેતી એ ખેડૂતોની આજીવિકાનું સાધન છે. ત્યારે ખેડૂતોએ આ પ્રોજેક્ટ પડતો મુકવાની અથવા તો જમીન બજાર ભાવે વળતર ચુકવવાની માંગ કરી છે. દરમિયાન, આજે ૨૭ ગામના અસરગ્રસ્ત ખેડૂતોએ પાલનપુર ખાતે રેલી યોજી જિલ્લા કલેકટર આનંદ પટેલને આવેદનપત્ર આપી ન્યાયની ગુહાર લગાવી હતી.

ભારત માલા પ્રોજેકટમાં ખેડૂતોની જમીન સંપાદન થવાથી તેઓ બિન ખેડૂત બની જશે. ત્યારે ખેતીની જમીન સહિત જમીનમાં રહેલ બાગાયતી ખેતી, બોર, પાણીની પાઈપો અને મકાન સહિતનું વળતર ચુકવવાની માંગ કરી હતી. આ ઉપરાંત સર્વિસ રોડ આપવા અને રોડ નીચે અવર જવર માટે નાળા બનાવી આપવાની માંગ કરી હતી.

ખેડૂતોના ભોગે વિકાસ નહિ સાંખી લઈએ તેવી ચીમકી આપતા ખેડૂતોએ માંગણી નહિ સંતોષાય તો જલદ આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારી હતી.

## પાલનપુરમાં અકસ્માત ઝોન સમાં ગઠામણ પાટિયા પર સર્કલ બનાવવા માંગ...

### માંગ મામલે દશ દિવસમા નક્કર કાર્યવાહી નહિ કરાય તો આંદોલન છેડવાની ચીમકી અપાઇ

પાલનપુર તા. ૧

પાલનપુરના અમદાવાદ હાઈવે પર આવેલ ગઠામણ પાટીયા પર અવાર નવાર ગમખ્વાર અકસ્માત સર્જાઈ રહ્યા છે જેમાં નિર્દોષ જિંદગીઓનો ભોગ લેવાય રહ્યો હોય અહીં ચાર રસ્તા પર સર્કલ બનાવવા અને સ્પીડ બ્રેકર મુકવાની માંગ સાથે સ્થાનિક રહીશો દ્રારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું જેમા દશ તેમની માંગ સંતોષવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલન છેડવાની ચીમકી ઉચ્ચારવા માં આવી છે. પાલનપુરનો ગઠામણ પાટિયા વિસ્તાર અકસ્માત ઝોન બનવા પામ્યો છે આ માર્ગ પર છ માસમાં દશ જેટલા અકસ્માત સર્જાયા હતા જેમાં પાંચ વ્યક્તિના મોત થયા હતા જેમાં તાજેતર માં



જ ટ્રકની ટકકરે એક્ટિવા સવાર માતા પુત્રનું મોત નીપજ્યું હતું ત્યારે અહીં અકસ્માતની ઘટનાનો અટકાવવા માટે ગઠામણ પાટિયા ના ચાર રસ્તા પર સર્કલ બનાવવા અને સ્પીડ બ્રેકર મુકવા તેમજ સર્વિસ રોડ પાર્ક થતા વાહનો અને દબાણો દૂર કરવાની માંગ સાથે આ વિસ્તારના રહીશો દ્વારા ધારાસભ્ય મહેશ પટેલની આગેવાની હેઠળ જિલ્લા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું જેમાં આગામી દશ દિવસમાં નક્કર કાર્યવાહી કરવામાં નહિ આવે તો ઉગ્ર આંદોલન કરવાની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

પાલનપુરના ગઠામણ પાટિયા પર છેલ્લા છ માસમાં દશ અકસ્માત સર્જાયા જતા જેમાં પાંચ વ્યક્તિના મોત થયા છે જેમાં તાજેતરમાં જ ટ્રકની ટકકરે એક્ટિવા સવાર સુધી માતા-પુત્રનું મોત થયું હતું. ગઠામણ પાટિયા પર અકસ્માતો ની વણથંભી વણઝાર અટકાવવા માટે અહીં સર્કલની સાથે સ્પીડ બ્રેકર મુકવા અને સર્વિસ રોડના દબાણો દૂર કરી અહીં કાયમી પોલીસ પોઈન્ટ મૂકવાની માંગ કરાઈ છે.

## નવરાત્રીમાં મેઘરાજા ચારે કોર તબાહી મચાવશે, વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ વરસવાની આગાહી : આ વર્ષ ખેડૂતો માટે સારૂ જણાતું નથી

ભિલોડા,તા.૦૧

આ વર્ષે ચોમાસાની સિઝન દરમિયાન અત્ર - તત્ર - સર્વત્ર સાર્વત્રિક મેધ - મહેર દરમિયાન ઠેર - ઠેર જળબંબાકારના કારણે ખાના - ખરાબી થયેલ છે.નદી,નાળા,વાંધા-કોતરોમાં વરસાદી પાણી વહેતા થયા છે.જળાશયો ઠેર - ઠેર મોટાભાગે છલકાઈ ગયા છે.જાણે કે,લીલો દુષ્કાળ હોય તેવા દ્રશ્યો ઠેર - ઠેર જોવા મળે છે.

વરસાદનો હજુ એક રાઉન્ડ ભયાનક હશે તેવી દહેશત સેવાઈ રહી છે. સાબરકાંઠા જીલ્લા વિજયનગર તાલુકાના ચિતરીયા ગામના કર્મકાંડી,જયોતિષ દેવશંકર કાલીદાસ ભટ્ટએ જણાવ્યું હતુ.કે એસ્ટ્રોલોજી પ્રમાણે રીસર્ચ કરતા ૩ જી સપ્ટેમ્બરથી વરસાદની લહેર ધીમી હળવી પડશે વરસાદનું પ્રમાણ ધટશે,૧૫મી સપ્ટેમ્બર સુધી ખેડૂતો માટે આ વર્ષ સારૂ જણાતું નથી,વરસાદ અટકી અટકીને વરસવાના યોગ છે.દરિયામાં ભારે તોફાન પણ સર્જાઈ શકે તેમ છે.નદીઓમાં ધોડાપુરની સ્થિતિ સર્જાઈ શકે તેમ છે.તા.૩૦ મી સપ્ટેમ્બરની આસપાસ વાવાઝોડા નું તોફાન,દરિયાઈ તોફાન સહિત કુદરતી રીતે ઉથલપાથલ થઈ શકે છે.દરિયાઈ વિસ્તારમાં સાવધાન થઈ જવાની પણ જરૂર પડશે,દરિયા કિનારે આવેલા શહેરોને પણ સાવધ રહેવું પડશે તેવું અનુમાનની આગાહી જાહેર કરી છે.

### એ હાલો...આવ્યો શ્રી ખંડુજી મહાદેવનો મેળો

## રવિવારે ઉમેદપુરમાં ખંડુજી મહાદેવનો ભવ્ય મેળો ભરાશે,હજારો ભક્તો ઉમટી પડશે

મોડાસા, તા. ૧

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના લોકોનું આસ્થાનું પ્રતિક એટલે ઉમેદપુર દધાલિયા ખાતે બિરાજમાન સ્વયંભૂ ભગવાન શ્રી ખંડુજી મહાદેવ.કહેવાય છે કે જ્યારે ભક્તો મુશ્કેલીમાં મુકાઈ છે ત્યારે ભગવાન ખંડુજી મહાદેવની માનતા માનવામાં આવે છે જેથી તેમના પર આવેલી તમામ મુશ્કેલીઓ દૂર થઈ જાય છે.વર્ષોથી ચાલી આવતી પરંપરા પ્રમાણે આ માનતા પૂર્ણ કરવા ભક્તો દર વર્ષે ભાદરવા મહિનાના બીજા રવિવારે ઉમેદપુર દધાલિયા ખાતે ખંડુજી મહાદેવ મંદિર ખાતે ઉમટી પડતાં હોય છે.સદીઓથી અહી મોટો લોક મેળો યોજાઇ છે.ત્યારે આ વર્ષે પણ ભાદરવા મહિનાના બીજા રવિવારે એટલે કે આવતા રવિવારે ૪ સપ્ટેમ્બરના રોજ ભવ્ય મેળો ભરાશે જેમાં હજારોની સંખ્યામાં ભક્તો



ઉમટી પડવાના શક્યતાઓ છે. દર વર્ષે અહીં હજારોની સંખ્યામાં લોકો આવતા હોય છે તેમાં પણ સાબરકાંઠા,અરવલ્લી જિલ્લા સહિત આસપાસના વિસ્તારોમાંથી પણ હજારો લોકો વહેલી સવારથી ભગવાન શ્રી ખંડુજી મહાદેવનાં દર્શન માટે પહોચતા હોય છે અને સમગ્ર દિવસ દરમિયાન મેળાની મજા માણતા હોય છે.આ વર્ષે ૪ સપ્ટેમ્બરના રોજ યોજાનાર શ્રી ખંડુજી મહાદેવનાં મેળાને લઈ ઉમેદપુર ગામના લોકો દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી છે.અને વધુ ભક્તો આવવાની શક્યતાઓને ધ્યાને લઈ વિશેષ આયોજનો પણ કરવામાં આવ્યા છે. આવનારા ભક્તોને કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તે માટે ઉમેદપુર ગામના લોકો દ્વારા ચા પાણી સહિત નાસ્તાનું પણ આયોજન કરવામાં આવ્યું છે સાથેજ મેળામાં ભારતીય સંસ્કૃતિને જીવંત રાખવા માટે ભવ્ય ડાયરાનુ આયોજન કરવામાં આવ્યું છે જેમાં વિવિધ કલાકારો દ્વારા અલગ અલગ પ્રકારના ભજન અને દેશી ગીતોની રમઝટ બોલાવવામાં આવશે.ભક્તોને શ્રી ખંડુજી મહાદેવનાં દર્શન માટે કોઈપણ પ્રકારની તકલીફ ના પડે તે માટે વિશેષ વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

### શ્રી સ્વયંભૂ ખંડુજી મહાદેવ મંદિર એટલે પશુપાલકો માટે આસ્થાનું કેન્દ્ર

ખેડૂતો અને પશુપાલકોમાં આ મેળા નું વિશેષ મહત્વ રહેલું છે,કારણ,કે જે કોઈ પશુપાલકના પશુ દૂધ આપવામાં ઉણું ઉતરતું લાગે અથવા તો કોઈ અન્ય પ્રકાર ની દુધાળા પશુઓ અંગે ની સમસ્યા ઉદભવે ત્યારે પશુપાલકો શ્રી સ્વયંભૂ ખંડુજી મહાદેવની બાધા માનતા રાખતા હોય છે,કે જો તેનું પશુ સારું થઈજશે તો ખંડુજી મહાદેવ મંદિરે મેળા દરમ્યાન પશુ ના પ્રથમ બનેલા ઘી માંથી બનેલી સુખડી ખંડુજી મહાદેવ ને ધરાવશે,અને તે માનતા પૂર્ણ કરવા માટે મોટી સંખ્યામાં ખેડૂતો અને પશુપાલકો ઉમેદપુર ગામે આ મેળામાં તેઓ પોતાની બાધા માનતા પૂર્ણ કરવા ઉમટી પડશે,સાથે સાથે જ અહીં એવી પણ પરમ્પરા છે,કે જે પરિવારને આ મંદિર ની બાધા હોય તે ઘરનો મુખ્ય વ્યક્તિ વહેલી સવારે ચાલતા આવે અને આ મંદિરે આવીને દાતણ કરે.આ પ્રકારે ખંડુજી મહાદેવ મંદિરે ભરાતા લોકમેળાનું પણ વિશેષ મહત્વ રહેલું છે.

### લંમ્પી વાયરસ થી પશુઓને બચાવવા શ્રી ખંડુજી મહાદેવની વિશેષ માનતા

રાજયમાં હાલ લંમ્પી વાયરસ કહેર વર્તાવી રહ્યો છે જેના કારણે હજારો પશુઓના મોત નીપજ્યા છે અને તેમાં પણ ખાસ ગાય માતા તેનો ભોગ બની રહી છે ત્યારે પશુપાલકોની આસ્થા સમાન શ્રી સ્વયંભૂ ખંડુજી મહાદેવ મંદિર ખાતે હજારો પશુપાલકો પશુઓ અને તેમાં પણ ખાસ ગાય માતા સ્વસ્થ રહે તે માટે વિશેષ માનતા માનશે.જેને લઈ આવતા રવિવારે ૪ સપ્ટેમ્બરના રોજ શ્રી સ્વયંભુ ખંડુજી મહાદેવ મંદિર ઉમેદપુર ખાતે મોટી સંખ્યામાં પશુપાલકો અને ખેડૂતો ઉમટી પડશે અને કાળ રૂપી લંમ્પી વાયરસ થી પશુઓને બચાવવા માટે વિશેષ પ્રાથના કરશે.

## મહાદેવપુરા (ભાથીખત્રી) ગામે શ્રદ્ધાના ડંકા ગજવતો ભાથીજીનો લોકમેળો યોજાશે...

ગાંભોઈ, તા.૧

હિંમતનગર તાલુકાના ગ્રામ્ય ક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતો પ્રખ્યાત ભાથીજી મહારાજનો લોકમેળો પ્રતિવર્ષની જેમ ચાલુ વર્ષે પાંચ સપ્ટેમ્બરના રોજ હિંમતનગર તાલુકાના ગાંભોઈ પંથકના મહાદેવપુરા (ભાથીખત્રી) ગામે ઉત્સાહભેર યોજાશે. ભાદરવા માસના બીજા સોમવારે લોક સાંસ્કૃતિથી ઉભરાતા આ લોકમેળામાં જિલ્લાભરમાંથી શ્રદ્ધાળુ ગ્રામ્ય અને શહેરી જનતા મેળો માણવા ઊમટી પડી પોતાની માનતા-બાધા પૂરી કરે છે. કહેવાય છે કે ઝેરી જનાવર કરડે તેનું હળાહળ ઝેર આ ભાથીજીની માનતા રાખતા ઉતરી જતું હોવાની લોકોમાં રહેલી શ્રદ્ધા, ભાવ અને ભક્તિથી પ્રેરાઈ મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે આવી ધન્યતા અનુભવે છે. શ્રદ્ધાળુ ભક્તોને મેળામાં કોઈ મુશ્કેલી ન પડે તે માટે મહાદેવપુરા(ભાથીખત્રી)ના ક્ષત્રિય ભાઈઓ દ્વારા સુંદર વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

### જન્મદિને વધામણી



તિર્થ વિશાલભાઈ પટેલ
મુ.રૂપાલકંપા (ગાંભોઈ),
તા.હિંમતનગર.
જી.સાબરકાંઠા